# ગાંધીજીના સહાધ્યાયી

આ વર્ષમાં ચાર ગૌરવવંતા ગુજરાતીઓની જન્મશતાબ્દી આવી ગઈ: આચાર્ય આનંદશંકર ધ્રુવ (જાન્યુ. ૨૨), મહાત્મા ગાંધીજી (ઑક્ટો. ૨), પ્રો. બલવંતરાય ઠાકોર (ઑક્ટો. ૨૩) અને ઠક્કરબાપા અમૃતલાલ વિઠ્ઠલદાસ (નવે. ૨૯). એમાંના વચલા બે–ગાંધીજી અને પ્રો. ઠાકોર રાજકોટમાં સાથે ભણેલા. પરંતુ અહીં એમની વાત નથી કરવી. આ લેખ જેમનો પરિચય આપે છે તે તો હતા, કપરી ગરીબીમાંથી સ્વાશ્રય અને બુદ્ધિથી આગળ વધીને ગોંડલ રાજ્યના નાયબ દીવાનપદ સુધી પહોંચેલા અને પોતાના નિખાલસ તથા મધુર સ્વભાવથી નાના-મોટા સૌમાં 'જોશીસાહેબ'ના વહાલસોયા નામથી જાણીતા, પણ જાહેર જગતને બહુ ઓછા જાણીતા, એક અભિજાત પુરુષાર્થી શ્રી માણશંકર ભવાનીશંકર જોશી. એમણે સ્વહસ્તે પોતાના ગાંધીજી સાથેના અભ્યાસકાળનાં સ્મરણો લખેલાં છે તેમાંથી થોડો ભાગ જોઈએ :

"ઈ. ૧૮૮૪માં ગોંડલમાં અંગ્રેજી ધોરણ ત્રીજું પૂરું કરી રાજકોટ બેલગાડીમાં ગયો અને ત્યાંની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ચોથા ધોરણમાં દાખલ થયો. પ્રિય ભાઈશ્રી મોહનદાસ મારી પાછળ એકાદ ધોરણ હતા. તે વખતે ફૂટબૉલ રમવાનો હાઇસ્કૂલના વિદ્યાર્થીઓમાં ઘણો શૉખ હતો. ભાઈશ્રી મોહનદાસને રમતનો બહુ શૉખ નહોતો.

ઈ. ૧૮૮૮ની પહેલી ટર્મમાં અમે બંને રાજકોટથી પગરસ્તે સાંઢિયા (ઊંટ) ગાડીમાં ભાવનગર સામળદાસ કૉલેજમાં જવા સાંજે નીકળી બીજે દિવસ પ્રભાતમાં જેતપુર ધર્મશાળામાં પહોંચ્યા. રેલવેસ્ટેશન લગભગ અરધો માઈલ દૂર હતું અને ભાવનગર જવાની ગાડી લગભગ આવી પહોંચવાની હતી, તેથી અમે બેઉ ધર્મશાળામાંથી દોડ્યા. મારી પાસે કપડાં-ચોપડીનું કંતાનનું પાકીટ હતું, તે મારાથી ઊપડી શકે તેમ ન હોવાથી ભાઈ મોહનદાસે પોતે ઉપાડયું. તેના પગમાં સપાટ પહેર્યા હતાં, છતાં દોડતાં હાંફતાં ગાડી જેવી પોરબંદરથી આવી કે અમે પહોંચી ગયા. મારા પર ભાઇશ્રીનો ઘણો સ્નેહ હતો અને તે આખી જિંદગી ટકાવી રહ્યા હતા.



ભાવનગરમાં વડવા પરામાં રામમંદિરમાં ભાઇ મોહનદાસ રસોયા સાથે રહેતા હતા... કૉલેજમાં મૅથમૅટિક્સના પ્રો. ફરદુનજી મેરવાનજી દસ્તુર અમને ગણિત શીખવતા. વિદ્યાર્થીઓ પ્રત્યે અતિશય પ્રેમ રાખતા. આલજિબ્રાના દાખલા પાટિયા ઉપર વિદ્યાર્થીઓ પાસે ગણાવતા. દરરોજ તેઓ ભાઈ મોહનદાસને પાટિયા પાસે આવવા કહેતા અને તે તેમ કરવા ના પાડતા. તે કહેતા : 'સાહેબ, આલજિબ્રા આવડતી નથી અને હું દાખલા ગણવા પ્રયત્ન કરીશ નહિ; કારણ તેમ કરવું નકામું છે.' શ્રી દસ્તુરજી કહે કે 'તમને ઠીક પડે તેમ દાખલો શરૂ કરો.' જવાબમાં 'ના સાહેબ,

તેમ કરવા હું રાજી નથી.' તે પછી કોઈ દિવસ ભાઈશ્રીએ ગણિત તરફ લક્ષ આપ્યું નહોતું.

ટર્મ પૂરી થવાને થોડા દિવસની વાર હતી ત્યાં વડવામાં કૉલેરાનો ઉપદ્રવ થયો. કૉલેજ તરફથી, ઘેર જવું હોય તેને રજા આપવામાં આવી, પરંતુ ભાઈ મોહનદાસે હઠ લીધી કે હું તો ટર્મના છેલ્લા દિવસ સુધી હાજરી આપી છેવટે ભાવનગર છોડીશ. તે નિશ્ચયને વળગી રહ્યા.

ઈ. ૧૮૮૮ની બીજી ટર્મથી ભાઈશ્રી કૉલેજમાં પાછા આવ્યા નહોતા, પરંતુ ઇંગ્લંડ બૅરિસ્ટર થવા ગયા હતા. બૅરિસ્ટર થઈ મુંબાઇ આવેલા ત્યારે ગીરગામમાં શેઠ કેશવજી તુલસીદાસની વાડીમાં તેઓને જમણ આપવામાં આવ્યું હતું. રેશમી પીતાંબર પહેરી ભાઇ મોહનદાસ જમતાં પહેલાં સૌ સાથે વાતો કરતા હતા. મેં પૂછ્યું કે વિલાયતમાં તમારા



લેખકના હસ્તાક્ષરમાં સંસ્મરણોનો પ્રસ્તુત ભાગ

ઉપર કયા વિદ્વાનની ઊંડી અસર થએલી ? તેણે કહ્યું કે 'કાર્ડિનલ ન્યુમૅનની.' તેનાં તેમણે ઘણાં વખાણ કર્યાં હતાં.''

ઉપર્યુક્ત સંસ્મરણોના લેખક અને ગાંધીજીના સહાધ્યાયી શ્રી પ્રાણશંકર જોશીનો જીવન પરિચય તેમના પૌત્ર તેમને મુખેથી સાંભળેલાં સ્મરણો પરથી આ નીચે આપે છે. એમાં તે સમયની અગ્રિમ વ્યક્તિઓ તથા સમાજનું પણ દર્શન થશે.

'આજથી લગભગ ૧૦૨ વર્ષ પહેલાં તેમનો જન્મ તા. ૧૮ ડિસેમ્બર, ૧૮૬૭માં ભૂતપૂર્વ દેશી રાજ્ય ગોંડલના ચોરડી ગામે મોસાળમાં થયો હતો. પિતાની આર્થિક સ્થિતિ ખૂબ નબળી અને કુટુંબ જ્યોતિષ તથા બ્રાહ્મણવૃત્તિ ઉપર નભતું. પિતાને આ જાતના વ્યવસાય તરફ અણગમો હોવાથી તથા પુત્રને યોગ્ય શિક્ષણ આપવાની તીવ્ર ઈચ્છા હોવાથી કુટુંબીઓના વિરોધનો સામનો કરીને બાપદાદાના ગામ મોટી ખિલોરી સદાને માટે ત્યજીને તે ૧૮૭૦માં ગોંડલ આવ્યા. ત્યાં પોસ્ટ ખાતામાં નાની નોકરી મળી ગઈ; પરંતુ તેમાં વારંવાર થતી બદલીને લીધે પુત્રનો અભ્યાસ બગડતો હોવાથી તથા ગોંડલમાં ફક્ત ત્રણ અંગ્રેજી ધોરણ હોવાથી ૧૮૮૩માં પુત્રને રાજકોટ ભણવા મોકલીને ૧૮૮૬માં પિતા પોસ્ટની નોકરી છોડી કુટુંબ સહિત રાજકોટ ગયા.

ત્યાંની કાઠિયાવાડ (અથવા આલ્ફ્રેડ) હાઇસ્કૂલમાં ત્યારે શ્રી દલપતરામ ભગવાનજી શુક્લ, શ્રી પ્રભાશંકર દલપતરામ પટ્ટણી, શ્રી નરસીદાસ (ડૉ. નરસીભાઈ), શ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોર ઊંચાં ધોરણોમાં અભ્યાસ કરતા હતા; જ્યારે શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધીજી), શ્રી બાલકૃષ્ણ ભગવાનદાસ જોશી તથા શ્રી મેરૂજી ડેસાજી ચુડાસમા નીચલાં ધોરણોમાં અભ્યાસ કરતા હતા.

કાઠિયાવાડ હાઈસ્કૂલ ત્યારે મુંબાઇ ઈલાકાના ઉત્તર વિભાગના એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટર ડૉ. વૉન બ્યુલરની નીચે હતી. રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રિન્સિપલ મિ. ચેસ્ટર મૅકનૉટન હતા; મેઇલ ટ્રેનિંગ કૉલેજ (પાછળથી હન્ટર મેઇલ ટ્રેનિંગ કૉલેજ)ના પ્રિન્સિપલ જાણીતા ગુજરાતી વિવેચક શ્રી નવલરામ લક્ષ્મીરામ પંડિત હતા; અને કાઠિયાવાડ હુન્નરશાળાના પ્રિન્સિપાલ મિ. ક્લેમેન્ટ એમ. સાઇક્સ હતા. તેમાં ડ્રૉઈંગ, પેઇન્ટિંગ, પૉટરી, શિલ્પ વગેરે શીખવાતાં. પાછળથી તે બંધ પડી અને ત્યાં બાર્ટન ફીમેઈલ ટ્રેનિંગ કૉલેજની સ્થાપના થઈ.

કાઠિયાવાડ હાઈસ્કૂલ ફૂટબૉલ માટે પ્રખ્યાત હતી. શ્રી મણિશંકર દોલતરામ ઓઝા તથા શ્રી ફીરોજશાહ પાલનજી દમડી ફૂટબૉલના સારા ખેલાડી હતા. ૧૮૮૭માં પ્રાણશંકરભાઈ સહાધ્યાયીઓ સાથે મૅટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ ગયા. તે વેળા રાજકોટથી વઢવાણ ટ્રેઈન ન હોવાથી ઘોડાગાડીમાં અને વઢવાણથી વીરમગામ થઈ ને અમદાવાદ બ્રૉડગેજ રેલવેમાં મુસાફરી કરી. પાછળથી વઢવાણથી વીરમગામની બ્રૉડગેઈજ લાઈન કાઢી નાખવામાં આવી હતી.

મૅટ્રિકમાં ઉત્તીર્ણ થઇને ૧૮૮૮ના જાન્યુઆરીમાં તેઓ તથા શ્રી મોહનદાસ ગાંધી કૉલેજના અભ્યાસ માટે ભાવનગર જવા રાજકોટથી જેતપુર સુધી ઊંટગાડીમાં અને ત્યાંથી ભાવનગર ટ્રેઈનમાં ગયા. ત્યાં તરતમાં સ્થપાએલી સામળદાસ કૉલેજ હાથીખાનાના કૉમ્પાઉન્ડમાં-લાયબ્રેરી માટેના ખાલી મકાનમાં બેસતી ને હૉસ્ટેલ તેની પાસે હતી.

સામળદાસ કૉલેજમાં પ્રિન્સિપલ શ્રી આર. એચ. ગનીઅન હતા. પ્રોફેસરોમા - છિલાલ નભુભાઇ દ્વિવેદી સંસ્કૃત, ફરદુનજી મંચેરજી દસ્તુર મૅથમૅટિક્સ, બરજોરજી ઍન્ટી ઈતિહાસ, જમશેદજી ભેનવાળા વિજ્ઞાનના વિષયો લેતા. ત્યારે કૉલેજમાં ઉપલા વર્ગોમાં લલ્લુભાઈ શામળદાસ મહેતા, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી તથા બળવંતરાય કલ્યાણરાય ઠાકોર અભ્યાસ કરતા હતા.

૧૮૮૯માં એમણે ફર્સ્ટ બી.એ. પાસ કરી. તે વખતે પ્રીવિયસ પછી ફર્સ્ટ બી એ.નું વર્ષ હતું, ઈન્ટરમીડીએટનું વર્ષ ન હતું. કૉલેજ દરમ્યાન તેમને આઠ રૂપિયાની સ્કૉલરશિપ મળતી તેમાંથી જમવાનો ખર્ચ નીકળતો. અહીંથી બી. એ.ની ટર્મ ભરવા તે મુંબઈ ગયા અને એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ૧૮૯૨માં બી. એ. થયા. કૉલેજના અભ્યાસ દરમ્યાન આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોઈ પિતાશ્રીએ રાજકોટમાં વીશી કરી હતી. સને ૧૮૯૩ તથા ૧૮૯૪માં રાજકોટ કાઠિયાવાડ હાઇસ્કૂલમાં નોકરી કરી તે ફરીથી ૧૮૯૫માં મુંબઈ ગયા અને ત્યાં ગોકળદાસ તેજપાળ હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી કરીને બે વર્ષ એલએલ. બી.નો અભ્યાસ કર્યો. પણ ૧૮૯૬માં છેલ્લી પરીક્ષામાં નિષ્ફળતા મળી.

આ અરસામાં રાજકોટની રાજકુમાર કૉલેજના ધોરણે ગોંડલના ઠાકોરસાહેબ શ્રી ભગવતસિંહજીએ ગોંડલમાં ગ્રાસિયાઓના કુમારોને શિક્ષણ આપવાના ઈરાદાથી ગ્રાસિયા કૉલેજ શરૂ કરી, અને પ્રાણશંકરભાઈ ગોંડલના વતની હોવાથી તેમાં જોડાવા આમંત્રણ આપ્યું; એટલે રાજકોટના સહાધ્યાયીઓ અને પાછળથી જાણીતા થએલા વકીલ મિત્રોની માફક વકાલત કરવાના વિચારને તિલાંજલી આપી તેઓ ઈ. ૧૮૯૭ની ૧લી એપ્રિલથી કૉલેજના ચીફ ઍસિસ્ટન્ટ તરીકે નીમાઈ થોડાં વર્ષો બાદ ત્યાં પ્રિન્સિપલ થયા.

ગોંડલના મહારાજાશ્રી ભગવતસિંહજી કાઠિયાવાડના વિદ્વાન રાજકર્તા તરીકે ઓળખાતા અને વિક્ટોરિયન રાજ્યકાળના પ્રતિનિધિ ગણાતા. ઈટન અને હૅરોની પબ્લિક સ્કૂલોના ધોરણે એમણે ગોંડલની ગ્રાસિયા કૉલેજની સ્થાપના કરી હતી અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓની ભરતી ગ્રાસિયા કૉલેજના શિક્ષકોમાંથી કરવાનો આગ્રહ રાખતા. એટલે ઈ. ૧૯૦૬માં પ્રાણશંકરભાઈની નિમણૂક રાજ્યના શિક્ષણના વડા તરીકે કરવામાં આવી, અને ૧૯૧૦માં તેમને હજુર સેક્રેટરી નીમ્યા. બાદ ૧૯૨૨માં દીવાનશ્રી રણછોડલાલ વૃન્દાવનદાસ પટવારી છૂટા થતાં તેમની જગ્યાએ દીવાન તરીકે તે નિમાયા, જે પદે ૨૬ વર્ષ સુધી રહી, સ્વતંત્ર ભારતમાં સૌરાષ્ટ્રનું નવું રાજ્ય થતાં ૧૯૪૮ના માર્ચ માસમાં ૮૧ વર્ષની વયે નિવૃત્ત થયા. આમ અતિશય

ગરીબાઈમાં પણ શિક્ષણનો આગ્રહ રાખીને આપબળે આગળ આવી તે સમયમાં દેશી રાજ્યના દીવાનના ઉચ્ચ પદે તે પહોંચ્યા હતા.

તેમને સંતાનમાં પાંચ પુત્રીઓ અને ચાર પુત્રો હતા. જ્યેષ્ઠ પુત્ર વસંતરાય બી. એ. થઇને ગોંડલ રેલવેમાં ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ થયા પરંતુ ૧૯૩૩માં ૩૮ વર્ષની નાની વયે ન્યુમોનિયામાં અવસાન થયું. બીજા પુત્ર નીતમલાલ સિવિલ એન્જિનીઅર થઇને ગોંડલ રેલવેમાં નોકરી કરી હાલ નિવૃત્તિ ભોગવે છે. ત્રીજા પુત્ર ત્ર્યંબકલાલ ધોરાજી તથા ગોંડલમાં વકાલત કરીને હાલ નિવૃત્તિ ભોગવે છે. ચોથા પુત્ર કૃષ્ણકુમાર સૌરાષ્ટ્ર વિધાનસભા તથા મુંબાઈ વિધાનસભા પછી હાલ ગુજરાત વિધાનસભામાં નાયબ સચિવના પદે છે.

શ્રી પ્રાણશંકરભાઇનું જીવન ખૂબ નિયમિત તથા સાદું હતું. ઉત્તરાવસ્થામાં ફક્ત એક વખત આહાર લેતા. ગરીબાઈમાં જીવનની શરૂઆત કરી હોવાથી ઘણા નિરભિમાની હતા. ગરીબ સ્થિતિના વિદ્યાર્થીઓને ગુપ્ત રીતે કૉલેજ તથા પરીક્ષાની ફી આપતા. સલાહ માટે મળવા આવનારને પોતે યોગ્ય સૂચન કે ધીરજ આપતા હોવાથી ગોંડલ રાજ્યના લોકોનો ઘણો સ્નેહ તેમણે સંપાદન કર્યો હતો.

ઇ. સ. ૧૯૫૮ના ફેબ્રુઆરીમાં મુંબાઈમાં પ્રોસ્ટેટ ગ્લૅન્ડના સફળ ઑપરેશન બાદ ગોંડલમાં પહેલી જૂને હૃદયરોગના હુમલાને લીધે સચ્ચિદાનંદના ઉચ્ચાર સાથે એમણે દેહ છોડયો. —પદ્મનાભ જોશી